# જન્મદિને વધામણી



કૈરવ શાહ
મો. ૯૮૯૮૧ ૨૫૪૫૬



મુકેશભાઈ ગુજ્જર
આશાપુરા ગ્રુપ
મો. ૮૩૪૭૧ ૬૩૪૧૭



કીર્તિરાજ મનહરસિંહ
આશાપુરા ગ્રુપ
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫



વ્યોમ વિપુલભાઈ પટેલ
મો. ૯૪૨૮૪ ૭૬૭૬૧



સંજીવની રાકેશભાઈ પગી
મો. ૯૯૦૯૪ ૯૫૪૬૮

**૨૭ જાન્યુઆરી**



અરૂણકુમાર બી રાવળ
મો. ૭૫૬૭૨ ૦૮૩૬૯



જ્યોતિબેન પંચાલ
લાયોનેસ ક્લબ

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક





આદર્શ નિવાસી કન્યા શાળા, સેક્ટર-૮, ગાંધીનગર ખાતે બે દિવસ કબડ્ડી-ખો ખો, એથ્લેટિક્સ અને વિસતારી રમતોનો રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. આચાર્ય જી જે સોલંકીએ રમતોની શરૂઆત કરાવી હતી. લાંબી કૂદમાં અનુક્રમે ભૂમિકા પરમાર, જ્યોતિ પનારા, વૈભવી પરમાર, કબડ્ડી-ખો ખોમાં મિત્તલ પરમારની ટીમ વિજેતા બની હતી. ઊંચી કૂદમાં વનિતા પંડ્યા, ભૂમિ પરમાર, પાયલ વેગડ, દોડમાં કોમલ સોલંકી, પાયલ વેગડ, દિપિકા સોલંકી, હર્ષા પાંડવ, ગોળા ફેંકમાં જાહ્નવી રાઠોડ, વનિતા પંડ્યા, પ્રિયંકા સોનારા વિજેતા થયા હતા. કોથળા દોડમાં ભૂમિ પરમાર, નિકિતા પરમાર, પ્રિયંકા સોનારા અનુક્રમે વિજેતા બન્યાં હતાં. લીંબુ ચમચીમાં પ્રેરણા રાઠોડ, પાયલ વેગડ, પ્રિયંકા પરમાર તથા સંગીત ખુરશીમાં મિત્તલ પરમાર, રોશની વાઘેલા અને મયુરી શ્રીમાળી અનુક્રમે વિજેતા જાહેર થયાં હતાં. તમામ વિજેતા સ્પર્ધકોને શાળાનાં આચાર્ય કુસુમબેન ચૌહાણ તથા શાળા પરિવારે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. એસ કે પરમાર તેમજ માવી સાહેબે તમામ રમતોમાં પંચની ભૂમિકા ભજવી હતી.

# લાયોનેસ ક્લબ દ્વારા વ્યક્તિત્વ વિકાસ કાર્યક્રમ




લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા સભ્યો અને નાગરિકો માટે વ્યક્તિત્વ વિકાસના કાર્યક્રમનું આયોજન નગરપાલિકા ભવન, સેક્ટર-૧૧ ખાતે કરવામાં આવ્યું હતું. ટ્રેનર રત્ના દેસાઈએ ખૂબ જ રોચક અને સરળ, મજબૂતીથી સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

દરેક માણસના જીવનનું ધ્યેય છેવટે આત્મિક સુખ, આનંદ અને સંતોષ છે. જે માણસને પરિવાર, મિત્રો, સન્માન, મદદ, પ્રેમ, દાન, સહયોગથી જ મળે છે. આ સેમિનારનું આયોજન પર્સનાલિટી ડેવલપમેન્ટ ચેરમેન મમતાબેન રાવલ અને પ્રમુખ મીનાક્ષી જયસિંઘાણી દ્વારા કરવામાં આવ્યું હતું. સેક્રેટરી નીતા રાણા અને મોટી સંખ્યામાં પૂર્વે પ્રમુખો, સભ્યોએ હાજર રહી કાર્યક્રમને વધાવ્યો હતો.

# આદર્શ નિવાસી કુમાર શાળા ખાતે શાળાકીય રમતોત્સવ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૫

આદર્શ નિવાસી શાળા (અ.જા. કુમાર) સેક્ટર-૮, ગાંધીનગર ખાતે બે દિવસીય શાળાકીય રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ૧૦૦ વિદ્યાર્થીઓએ વિવિધ સાંઘિક, એથ્લેટિક્સ અને વિસરાતી જતી રમતોમાં ઉત્સાહભેર ભાગ લઈ શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો.

સાંઘિક રમતોમાં કબડ્ડી અને ખો-ખોમાં અનુક્રમે સંજય એન પરમાર અને સંજય વાઝાની ટીમે વિજય પ્રાપ્ત કર્યો હતો. ફેંક અને કૂદ વિભાગમાં પણ વિદ્યાર્થીઓએ ખૂબ સારો દેખાવ કર્યો હતો. આ ઉપરાંત વિસતારી જતી રમતો જેવી કે કોથળા દોડ, મટકા ફોડ, સિક્કા શોધ, લીંબુ ચમચી, દોરડા કૂદ, ત્રિપગી દોડ, રીવર્સ દોડ, સંગીત ખુરશી જેવી રમતોમાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની કાબેલિયતનો પરચો આપ્યો હતો.

સિક્કા સોધમાં રોહિત શામળિયા, લીંબુ ચમચીમાં ગૌતમ ડોરિયા, સંગીત ખુરશીમાં મુકેશ મકવાણા, કોથળા દોડમાં ચેતન મકવાણા, દોરડા કૂદમાં રોહન ચાવડા, રીવર્સ દોડમાં અજય ઝાલા, મટકા ફોડમાં સુભાષ પરમાર અને ત્રિપગી દોડમાં અનુક્રમે નવદીપ ડોરિયા અને રોહન ચાવડા વિજેતા બન્યા હતા.

શાળાના આચાર્ય જી કે સોલંકીના માર્ગદર્શન હેઠળ મદદનીશ સિક્ષક એસ કે પરમાર તથા જી એમ માવીએ શાળાના સ્ટાફની મદદથી આ રમતોત્સવને સફળ બનાવ્યો હતો.

# ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ દ્વારા સ્થાપના દિવસની ઉજવણીનો પ્રારંભ





ગાંધીનગર, તા. ૨૫

ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના ૪૧મા સ્થાપના દિવસ (૧ ફેબ્રુઆરી)ની ઉજવણી નિમિત્તો તાજેતરમાં ગાંધીનગર ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગર આસપાસની ૧૮ જેટલી સ્કૂલ્સના ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓને સામેલ કરવામાં આવ્યા હતા. ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્સ ફાઉન્ડેશન ખાતે ‘વિમેન એમ્પાવરમેન્ટ-અ બૂન ટુ સોસાયટી’ અને ‘સ્વચ્છ ભારત-હાઉ કેન વી કન્ટ્રીબ્યુટ?’ વિષયે વિદ્યાર્થીઓએ સુંદર ચિત્રો તૈયાર કર્યાં હતાં. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ યુનિફોર્મમાં સજ્જ કોસ્ટ ગાર્ડ સાથે ખુલીને વાતો પણ કરી હતી અને કોસ્ટ ગાર્ડ અંગેની એક પ્રેરણાદાયી વિડીયો ક્લિપનો હિસ્સો પણ બન્યા હતા.

ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમે વિજેતા બનનારા વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. સિનિયર કૅટેગરીમાં અનુક્રમે હિમાંગી બોરો (દિલ્હી પબ્લિક સ્કૂલ), અજયભાઈ મકવાણા (ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ) અને આયુષી વોરા (ડીપીઍસ) વિજેતા બન્યાં હતાં. જુનિયર કૅટેગરીમાં અનુક્રમે શ્રેષ્ઠા લાહિરી (ડીપીઍસ), આર્યશિવ માધવ ચૌધરી (જમનાબાઈ નરસી સ્કૂલ) અને સુમિલિક્ષા (કેન્દ્રીય વિદ્યાલય નં. ૧) વિજેતા બન્યાં હતાં. સુંદર થીમ માટે ખાસ નિર્ણાયક પ્રાઈઝ કેન્દ્રીય વિદ્યાલય નં. ૩ની વિદ્યાર્થીની સાક્ષી તિવારીને આપવામાં આવ્યું હતું. ઉપરાંત, સ્પર્ધામાં ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમનું ઉદ્ઘાટન કોસ્ટ ગાર્ડ રિઝનના ચીફ ઑફ સ્ટાફ ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઍસ બી મિશ્રા દ્વારા કરવામાં આવ્યું હતું. તૃષા વ્યાસ દ્વારા કોસ્ટ ગાર્ડ વાઈવ્સ એસો. સાથે રહીને વિજેતાઓના નિર્ણયમાં અને ઈનામ વિતરણમાં સહાય પૂરી પાડવામાં આવી હતી.




(૧) ૨૦૧૮માં કયા આઈકોનિક કાર્ટુનિસ્ટનું ૮૬ વર્ષની વયે નિધન થયું છે?
(એ) ચાંડી પ્રસાદ
(બી) ચાંડી ઓમેન
(સી) રવિ પ્રસાદ
(ડી) ચાંડી લાહિરી

(૨) ૨૦૧૮માં બેસ્ટ ફિલ્મ માટેનો ફિલ્મ ફેર એવોર્ડ કઈ ફિલ્મને મળ્યો હતો?
(એ) હિન્દી મીડિયમ (બી) ટાઈગર ઝિન્દા હૈ
(સી) ન્યૂટન (ડી) તુમ્હારી સુલુ

(૩) ૨૦૧૮માં શ્રેષ્ઠ અભિનેત્રીનો ફિલ્મ ફેર એવોર્ડ કઈ અભિનેત્રીને પ્રાપ્ત થયો હતો.
(એ) દિપીકા પદુકોણ (બી) પ્રિયંકા ચોપ્રા
(સી) વિદ્યા બાલન (ડી) સોનમ કપૂર

(૪) ૨૦૧૮માં શ્રેષ્ઠ અભિનેતાનો ફિલ્મ ફેર એવોર્ડ કયા અભિનેતાને મળ્યો હતો?
(એ) નવાઝુદિન સિદ્દીકી (બી) ઈરફાન ખાન
(સી) શાહિદ કપૂર (ડી) સલમાન ખાન

(૫) ૨૦૧૮માં પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાનનો આંકડો કેટલા કરોડને પાર કરી ગયો છે?
(એ) ૧ કરોડ (બી) ૨ કરોડ
(સી) ૨ કરોડ (ડી) ૩ કરોડ

(૬) મધ્યપ્રદેશના રાજ્યપાલ પદે તાજેતરમાં કોની વરણી કરવામાં આવી છે?
(એ) કેશુભાઈ પટેલ (બી) શંકરસિંહ વાઘેલા
(સી) આનંદીબેન પટેલ (ડી) સુરેશ મહેતા

(૭) રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડના નવા ડિરેક્ટર જનરલ પદે કોની નિમણૂંક કરવામાં આવી છે?
(એ) વિજય શેરગીલ (બી) સુદીપ લાખત્કિયા
(સી) સુરેન્દ્રસિંહ (ડી) જયદીપ સુમેરા

(૮) ભારત અને બાંગ્લાદેશને જોડતી કઈ બસ સેવા શરૂ કરવામાં આવી છે?
(એ) મૈત્રી-૧ (બી) મૈત્રી-૫
(સી) મૈત્રી-૩ (ડી) મૈત્રી-૨

(૯) ૨૦૧૭માં રજૂ કરવામાં આવેલી સ્વાસ્થ્ય નીતિ હેઠળ લોકોની જીવન પ્રત્યાશા (ઉંમર)નું લક્ષ્ય કેટલા વર્ષનું રચાયું છે?
(એ) ૬૫ વર્ષ (બી) ૭૦ વર્ષ
(સી) ૬૮ વર્ષ (ડી) ૭૫ વર્ષ

(૧૦) લાલુપ્રસાદ યાદવને ઘાસચારા કૌભાંડના ત્રીજા કેસમાં કેટલી સજા થઈ છે?
(એ) ૩ વર્ષ (બી) ૪ વર્ષ
(સી) ૫ વર્ષ (ડી) ૬ વર્ષ

# પ્રજાસત્તાક દિને પ્રત્યેક ભારતીયે આત્મચિંતન કરવું




ભારતની રાજધાની દિલ્હીએ આજ સુધીમાં પુષ્કળ રાજકર્તાઓને નજીકથી જોયા, અનુભવ્યા, માણ્યા અને જાણ્યા છે. કાળના પ્રવાહમાં કેટલાય આવ્યા અને એ જ કાળની જાળમાં વિલીન થઈ ગયા. દિવસ અને રાત તો જેમ થતા હોય એમ જ થયા કરે છે. જે બદલાય છે એ સમાજ અને પ્રશાસનનો મિજાજ હોય છે. ગુલામી વેઠતા વેઠતા અહિંસક આંદોલન શરૂ થયું અને તે અંતે હિંસક બન્યું. પરંતુ મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, નહેરુ વગેરે સૌએ ભારત માતાની ધરતીને વિદેશી હકૂમતના પંજામાંથી મુક્ત કરાવી. એક જાયેલી ‘નઈ સુબહ’ની ઝાંખી વાસ્તવિકતામાં બદલાઈ ત્યારે લોકો ઝૂમી ઊઠ્યાં અને આઝાદીના જશ્નમાં ગીતો ગવાયાં, ગામડે ગામડે બસ જય હિન્દ, જય ભારતના નારા ગૂંજી ઊઠ્યા. નવા બંધાતા ઘરની બાહ્ય દિવાલો ઉપર તિરંગા સાથે જય હિન્દ કોતરવામાં આવતું. બસ, જીવનમાં જે સૌથી મોંઘું હતું એ હવે ઉપલબ્ધ થયું. આપણો દેશ હવે આપણો બન્યો એનો ઉત્સવ હતો. આઝાદી મળી પછી આપણે આપણી સરકાર પ્રાપ્ત કરી, બંધારણ આપ્યું અને ઉમદા ભવિષ્યના ખ્વાબમાં ભારત તન, મનથી નાચી ઊઠ્યું. આ આનંદ બહુ જ સ્વાભાવિક અવસ્થાનું પરિણામ હતું, પરંતુ આઝાદી તો જે મળી એના માટે આપણી ખરી લાયકાત હોવી જોઈએ એ હતી કે નહીં એ સવાલ હવેના પ્રત્યેક દિવસે નાગરિકોને સતાવી રહ્યો છે. આઝાદીનો મતલબ શું હોય? પ્રજાસત્તાક થયા બાદ રાષ્ટ્ર કેવું હોય? આ સવાલનો ઉત્તર શોધવામાં મનને ગ્લાનિ જરૂર થાય છે. સાચું ઐક્ય દેશનું નિર્માણ જરૂર કરે છે અને દંભી એકતા રાષ્ટ્રને વેરવિખેર કરીને જ રહે છે. લોકોના માટે લોકો દ્વારા ચલાવાતા શાસનમાં તો શાંતિ, સુખ, જનહિત જેવાં મૂલ્યો પેદા થવા જોઈએ. તેમ છતાં સાત દાયકાઓ બાદ આપણે માત્ર ઔપચારિકતાની ઉજવણી સુધી જ આટકી ગયા હોઈએ તેવું લાગે છે.

ઈશ્વરની પ્યારી કૃતિ ભારત દેશ છે તેવું પ્રતીત થાય છે. તેમ છતાં ભારતનો આત્મા અંદરથી પીડિત છે, દુખી છે, શા માટે? પ્રજાતંત્રની પૂર્વ પાયાની શરત મુજબ આપણે શિસ્તથી ભરેલા-છલોછલ નથી. દેશ પ્રત્યેના દિલના પ્રેમમાં વૃધ્ધિ થઈ નથી. પ્રજા વચ્ચેના વૈમનસ્યો અને મતાંતરોના દાયરાઓ પ્રતિદિન વિસ્તૃત થઈ રહ્યા છે. ભારતની ભૂમિએ બધાને સમાન પ્યાર આપ્યો છે પરંતુ ઝઘડતા પરિવારના સભ્યો જેમ સુખી કદી ના થાય તેમ આપણી સ્થિતિ પણ એવી જ થઈ રહી છે. સીમા ઉપર આપણા વીર જવાનો રોજ પોતાના પ્રાણની બાજી લગાવીને ભારતનું રક્ષણ કરી રહ્યા છે. પણ દેશની ભીતરનો માહોલ ઉમદા તત્ત્વને ખોઈ બેઠો છે. ભારતની મહાનતાનું ગર્વ સૌ પ્રજાને અવશ્ય હોવું જોઈએ. માતા અને માતૃભૂમિનું ગૌરવ નથી તો ઉજવણી પણ માત્ર દંભ બની જાય છે. મેં મારા દેશને શું આપ્યું? તે પ્રશ્ન ઉપર દરેક આત્મ ચિંતન કરવાનો આજનો વિશેષ દિવસ છે! ભાગલા પાડો અને રાજ કરોની નીતિ હવે ચાલે તેમ જ નથી. એક થાઓ, નેક થાઓ અને રાષ્ટ્ર માટે જીવી જાણોની નીતિ રહેશે તો આપણી અખંડતા અને આઝાદી પણ બની રહેશે. ભારતની ફરતા બધા જ રાષ્ટ્રોમાં ઉગ્રવાદ મજબૂત બની રહ્યો છે. ભારતની પ્રગતિ તેઓ જોઈ શકતા નથી એટલે સવાલો અટકતા નથી. ભારતના તમામ લોકો જેમાં હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ વગેરે બધાએ ભારતની ગૌરવવંતી રાષ્ટ્ર પરંપરા માટે મત મતાંતર ત્યજીને ઐક્ય રાખવું જ પડશે. દીકરાઓને લડતા જોઈને મા કદી રાજી થતી નથી. અમીચંદો તો પેદા થતા જ રહે છે પણ સાથે સાવજ જેવા દેશપ્રેમીઓ ભારતની શાન હોય તો દેશનો કોઈનો ભય નથી. આતંકવાદની ફેક્ટરીઓ ધમધમે છે પણ આપણી શક્તિ અંદરની નક્કર એકતામાં જ વસે છે. એ કદી ભૂલવું જોઈએ નહીં. દેશની મહાનતા દેશવાસીઓ દ્વારા પ્રગટતી હોય છે. ભલાઈનું કામ કરતાં હોઈએ ત્યારે જ આપણે ઈશ્વરનું કામ કરતાં હોઈએ છે તે યાદ રાખવું જ પડશે. પ્રત્યેક ભારતવાસી દેશનું ગૌરવ અને બળ છે એ નીતિ હોવી ઘટે.

રાષ્ટ્રના લોકો પોતાના જ લોકોથી પીડિત, શોષિત, દુખી હોય તો આપણે ગુલામી કરતાં વધુ ખરાબ જીવન જીવી રહ્યા છીએ તે નિશ્ચિત છે અને આવી આઝાદી માટે આપણે કદી સંઘર્ષ કર્યો ન હતો. સદાચાર રૂપી ઈશ્વરને કદી વિસરી ના જઈએ તો રાષ્ટ્ર સદૈવ સશક્ત રહી શકશે.

હે ભારત
ભાગ્ય વિધાતા
ધર્મ કર્મના દાતા
ઉજ્જવળ જીવનની શાતા
હિમાલય જેવી વિશાળતા
સમુદ્રની લહેરો જેવી ચંચળતા
વનરાજીની ભેટ જેવી શીતળતા
આપ સૌ એકઠા થઈ
આપજો તમામ મારા
દેશવાસીઓને
પૂર્ણ પ્યાર, દુલાર
હેતની ધારા અપાર
અને મારો ભારત હંમેશાં
બની રહે મહાન, ગવાય તેનાં ગાન
બસ આટલી અંતરની પ્રાર્થના
મારી હૃદય ધરજે!
જય હિન્દ.

શેર આસ્વાદ
અધિકાંશ ઘરમાં એક ખૂણો
જાગતો હશે
જે અન્ય ત્રણ ખૂણાને
અજવાળતો હશે
(મહેશ રાવળ)

